આયા મોસમ દોસ્તી કા...

# ઉદ્ધવની ગુગલી: દાનવે ભવિષ્યના સાથી



## રાજકારણમાં બધું શક્ય છે: ભાજપના નેતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના રાજકારણમાં શુક્રવારે ઔરંગાબાદ (સંભાજીનગર)માં ઉદ્ધવ ઠાકરેએ કરેલા એક નિવેદન બાદ રાજ્યમાં ફરી શિવસેના ભાજપની યુતિની ચર્ચા રાજ્યના રાજકીય વર્તુળમાં જોવા મળી રહી છે. ઉદ્ધવ ઠાકરેએ ભાજપના નેતા અને કેન્દ્રીય પ્રધાન રાવસાહેબ દાનવેની હાજરીમાં કહ્યું હતું કે ભાજપ શિવસેનાનો સાથી થઈ શકે છે. પોતાના ભાષણની શરૂઆત કરતાં તેમણે જણાવ્યું હતું કે 'મંચ પર હાજર મારા ભૂતપૂર્વ, અત્યારના અને સાથે આવે તો ભવિષ્યના સાથી.'

ઉદ્ધવના આ નિવેદન બાદ ફરી એક વખત મહારાષ્ટ્રના રાજકારણમાં નવી અટકળોએ જન્મ લીધો છે. જે રીતે હાલના સમયમાં મહાવિકાસ આઘાડી સરકારના ત્રણ પક્ષોમાં મતભેદ સામે આવી રહ્યા છે તેને જોતાં ભાજપ-શિવસેના ફરી એક થાય એની શક્યતાઓ જોવાઈ રહી છે.

અહીં ઉલ્લેખનીય છે કે હજી આગલે જ દિવસે એટલે કે ૧૬ સપ્ટેમ્બરે પુણેના પિંપરીમાં એક કાર્યક્રમમાં ભાજપના મહારાષ્ટ્ર અધ્યક્ષ ચંદ્રકાંત પાટીલે જણાવ્યું હતું કે મને ભૂતપૂર્વ પ્રધાન કહેવાનું બંધ કરો, હવે થોડા દિવસમાં જુઓ શું થાય છે. હવે પાટીલના આ નિવેદનના સૂચિતાર્થો શોધવાનું કામ થઈ રહ્યું છે. મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને અત્યારના વિપક્ષી નેતા દેવેન્દ્ર ફડણવીસે

(જુઓ પાનું ૬) ▸▸

## મુંબઈ-નાગપુર માટે બુલેટ ટ્રેનને સરકારનો પૂરો સાથ: મુખ્ય પ્રધાન

મુંબઈ: મુંબઈ-અમદાવાદ બૂલેટ ટ્રેન પ્રોજેક્ટ આડે અનેક અવરોધો ઊભા કરનારા મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ શુક્રવારે જણાવ્યું હતું કે જો રેલવે મુંબઈ-નાગપુર બૂલેટ ટ્રેન દોડાવવાનો પ્રોજેક્ટ લાવશે તો રાજ્ય સરકારનો તેમને પૂરો સાથ મળશે.

ઔરંગાબાદ જિલ્લા પંચાયતની નવી કચેરીનું ભૂમિપુજન કર્યા બાદ ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું દાનવેને મેં વચન આપ્યું છે કે જો તેઓ મહારાષ્ટ્રની બે રાજધાનીને સાંકળતી બૂલેટ ટ્રેનનો પ્રોજેક્ટ લાવશે તો તેમને પૂરો સહકાર મળશે. વિકાસની આડે રાજકારણ આવવું ન જોઈએ.

# ગણેશોત્સવ પછી નિયંત્રણોમાં વધારો થશે નહીં: રાજેશ ટોપે

## વિસર્જનને દિવસે પુણેમાં દુકાનો બંધ રાખવાનો નાયબ મુખ્ય પ્રધાનનો નિર્દેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રમાં ગણેશોત્સવ પૂરા થયા બાદ જ આકરાં નિયંત્રણો લાદવામાં આવશે એવી સામાન્ય નાગરિકોમાં રહેલી આશંકાને દૂર કરતાં રાજ્યના આરોગ્ય પ્રધાન રાજેશ ટોપેએ ગુરુવારે જણાવ્યું હતું કે ગણેશોત્સવ બાદ નિયંત્રણોમાં વધારો કરવાની કોઈ યોજના નથી. ૧૫મી સપ્ટેમ્બરે પૂરા થયેલા સપ્તાહમાં રાજ્યનો પોઝિટિવિટી રેટ ૨.૬૩ ટકા હતો જે અગાઉના સપ્તાહમાં ૨.૬૭ ટકા હતો. આમ પોઝિટિવિટી રેટમાં વધારાને બદલે ઘટાડો નોંધાયો હોવાથી નિયંત્રણોમાં વધારો થવાની શક્યતા નથી.

મહારાષ્ટ્રમાં કોરોનાનો દૈનિક આંકડો ૪,૦૦૦-૪,૫૦૦ વચ્ચે રહ્યો છે. કેબિનેટની બેઠક બાદ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે સાથે આ મુદ્દે દીર્ઘ ચર્ચા કરવામાં આવી હતી. અત્યારે નવા કોઈ નિયંત્રણો લાદવાનો વિચાર નથી. રાજ્યમાં કેસની સંખ્યામાં થઈ રહેલા વધારા પર અમારી નજર રહેશે. ખાસ કરીને જે જિલ્લામાં સ્થિતિ ચિંતાજનક છે. આગામી અઠવાડિયામાં કોરોનાના દરદીની સંખ્યામાં વધારો થવાની શક્યતા જોવાઈ રહી છે. જે જિલ્લાઓમાં પૂરતા કોરોના ટેસ્ટ થતા નહોતા તેમને ટેસ્ટિંગમાં વધારો કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. આરોગ્ય વિભાગે કમિશનરો અને કલેક્ટર કચેરીઓને નિર્દેશ મોકલી આપ્યા છે. તેમણે આદેશનું પાલન કરવું પડશે. ટેસ્ટિંગની સાથે જ વૅક્સિનેશનમાં પણ વધારો કરવામાં આવ્યો છે. રાજ્યમાં નિયંત્રણો

(જુઓ પાનું ૬) ▸▸

### પુણેમાં વિસર્જનને દિવસે દુકાનો બંધ

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે શુક્રવારે જણાવ્યું હતું કે કોરોનાના પોઝિટિવિટી રેટમાં સુધારો થયો હોવા છતાં ગણેશ વિસર્જનને દિવસે બધી જ નોન-એસેન્શિયલ દુકાનોને બંધ રાખવામાં આવશે. જોકે, ખાદ્યગૃહો ચાલુ રાખવામાં આવશે. ૧૫ સપ્ટેમ્બરે પૂરા થયેલા અઠવાડિયામાં પુણેનો પોઝિટિવિટી રેટ ઘટ્યો છે, આમ છતાં સાવચેતીના પગલાંરૂપે વિસર્જનના દિવસે પુણે, પિંપરી-ચિંચવડ અને કેન્ટોનમેન્ટ વિસ્તારમાં દુકાનો બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. તેમણે એવી માહિતી આપી હતી કે પુણે જિલ્લામાં ૯૨ લાખ લોકોએ કોરોનાની વેક્સિન લીધી છે. ૭૭ ટકા લાભાર્થીઓ પહેલો ડોઝ લેવા પાત્ર છે અને ૪૧ ટકાએ બંને ડોઝ લઈ લીધા છે. ■

# મુંબઈના ૯૦.૨૦ ટકા લોકોમાં એન્ટિ બોડીઝ

## સીરો સર્વેક્ષણના રાહત આપતા અહેવાલમાં ખુલાસો

મુંબઈ: કોરોનાની ત્રીજી લહેર આવવાની શક્યતા નિષ્ણાતો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે ત્યારે મુંબઈગરાઓ માટે સારા સમાચાર છે. મુંબઈ મહાપાલિકાએ શુક્રવારે પાંચમા સીરો સર્વેનો રિપોર્ટ જાહેર કર્યો હતો જેમાં જણાવાયું હતું કે મુંબઈમાં કોરોનાની વેક્સિનના બન્ને અથવા એક ડોઝ લીધેલા ૯૦.૨૦ ટકા લોકોમાં કોવિડ-૧૯ એન્ટિ બોડીસ મળ્યું છે, જ્યારે વેક્સિન નહીં લીધેલા ૭૯.૮૬ ટકા લોકોમાં એન્ટિ બોડીઝ મળ્યું છે.

સીરો સર્વેક્ષણમાં મુંબઈનો ૮૬.૬૪ ટકા વિસ્તારને આવરી લેવામાં આવ્યો હતો. આ અભ્યાસ ૨૪ વોર્ડમાં ઝૂંપડપટ્ટીના ૮૭.૦૨ ટકા અને ઝૂંપડપટ્ટી વગરના

(જુઓ પાનું ૬) ▸▸

# મુંબઈમાં કોરોનાની વૅક્સિનનો બુસ્ટર ડોઝ આપવામાં આવી રહ્યો છે



**મહિલા વિશેષ...:** કોરોનાથી સંરક્ષણ મેળવવા માટે વૅક્સિન લેવી બહુ જરૂરી છે અને તે માટે પ્રશાસન તરફથી લોકોમાં જાગરૂકતા લાવવાના પ્રયાસ પણ કરવામાં આવી રહ્યા છે. શુક્રવારે મુંબઈમાં ફક્ત મહિલાઓને વૅક્સિન આપવાની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી જેનો લાભ હજારો મહિલાઓએ લીધો હતો. (અમય ખરાડે)

મુંબઈ: કોરોનાના ચેપથી, ખાસ કરીને ડેલ્ટા વેરિયન્ટથી બચવા માટે વેક્સિનનો ત્રીજો ડોઝ લેવા માટેની શક્યતાઓ વધતી જઇ રહી છે ત્યારે મુંબઈમાં કેટલાક આરોગ્ય કર્મચારી, રાજકારણી અને તેમના કર્મચારીઓએ કોરોનાનો બુસ્ટર ડોઝ લીધો હોવાની બાબત પ્રકાશમાં આવી છે.

વેક્સિનના બન્ને ડોઝ લીધો હોવા છતાં કોરોનાનો ચેપ લાગવાની શક્યતા છે. તેથી પશ્ચિમી દેશોમાં વેક્સિનનો ત્રીજો ડોઝ આપવામાં આવી રહ્યો છે જેને બૂસ્ટર ડોઝ કહેવામાં આવે છે. મુંબઈની કેટલીક હોસ્પિટલમાં વેક્સિનનો બૂસ્ટર ડોઝ આપવામાં આવી રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

મુંબઈની કેટલીક હોસ્પિટલના આરોગ્ય કર્મચારીઓને ત્રીજો ડોઝ આપવામાં આવ્યો છે. કોવિન એપ પર રજિસ્ટ્રેશન નહીં કરીને અને અલગ અલગ ફોનથી રજિસ્ટ્રેશન કરીને વેક્સિનનો બૂસ્ટર ડોઝ આપવામાં આવ્યો છે જેમાં સૌથી વધુ ડોક્ટર્સ છે. એક યુવા રાજકારણી, તેમનાં પત્ની અને કર્મચારીએ પણ વેક્સિનનો બૂસ્ટર ડોઝ લીધો હોવાનું જાણવા મળ્યું છે.■

પોઝિટિવ ન્યૂઝ | મુંબઈ સમાચારની પોઝિટિવ ન્યૂઝની નવી પહેલ

# રાજ્યમાં એક દિવસમાં ૪,૪૧૦ દર્દી નેગેટિવ

## મુંબઈમાં એક દિવસમાં ૪૩૪ નવા કેસ

મુંબઈ: મહારાષ્ટ્રમાં શુક્રવારે કોરોનાના ૪,૪૧૦ દર્દી સાજા થયા હતા જ્યારે કોરોનાના નવા ૩,૫૮૬ કેસ નોંધાયા હતા. આ સાથે સાજા થનારાઓની કુલ સંખ્યા ૬૩,૨૪,૭૨૦ થઇ હતી. રાજ્યમાં કોરોનાના પોઝિટિવ કેસ ૪૮,૪૫૧ રહ્યા હતા.

શુક્રવારે એક દિવસમાં રાજ્યમાં કોરોનાને કારણે ૬૭ જણનાં મૃત્યુ થયાં હતાં.

રાજ્યમાં કોરોનાનો સાજા થવાનો દર ૯૭.૦૮ ટકા રહ્યો હતો તથા મૃત્યુનો દર ૨.૧૨ ટકા રહ્યો હતો.

મુંબઈમાં શુક્રવારે એક દિવસમાં કોરોનાના નવા ૪૩૪ કેસ નોંધાયા હતા અને કુલ કેસની સંખ્યા ૭,૩૭,૧૬૪ પર પહોંચી હતી.

કોરોનાને કારણે એક દિવસમાં ત્રણ જણનાં મૃત્યુ થયાં હતાં આ સાથે કુલ મરણાંક ૧૬,૦૪૨ પર પહોંચ્યો હતો. મુંબઈનો રિકવરી રેટ ૯૭ ટકા રહ્યો હતો અને કેસ બમણા થવાના દિવસ ૧૨૮૯ રહ્યા હતા. ■

શ્રી કપોળ વણીક મરણ



શ્રી કંચનબેન લલ્લુભાઈ દોશી
(ઉ. વ. ૧૦૪)
જન્મ: ૧૫/૦૩/૧૯૧૮ ગામ: મહુવા
શ્રીજી ચરણ: ૧૦/૦૯/૨૦૨૧ હાલ: USA
આપે અમારા સૌના પર વરસાવેલો સ્નેહ અમારા અંતરમાં સદાય મ્હેક્તો રહેશે આપનો પરોપકારી, માયાળું અને પ્રભાવશાળી સ્વભાવ અમ અંતરમાં અંકિત રહેશે.
પતી :- સ્વ. લલ્લુભાઈ છગનલાલ દોશી
પુત્ર - પુત્રવધુ :- ભરત - દીન્તા, ઉપેન્દ્ર - ભારતી
પૌત્ર - પૌત્રી :- કલ્પેશ, ડૉ. શ્વેતા નરેન્દ્ર ગોરડીયા, ડૉ. નિશા અમીષ શાહ, તથા જસમીના
પૌત્રવધુ :- લીનાબેન
પ્રપૌત્ર - પ્રપૌત્રી :- અમય, નયના, માનસી
પિયરપક્ષ :- અમરેલીવાળા સ્વ. ભાયચંદ વનમાળી દેસાઈ
દીયર :- સ્વ. ચિમનભાઈ, બીપીનભાઈ
હાલના સંજોગ અનુસાર લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# ટ્રાન્સફર ઑર્ડર રોકવા ૧૦ ડીસીપીએ દેશમુખને ૪૦ કરોડ રૂપિયા ચૂકવ્યા હતા: વાઝે

મુંબઈ: મુંબઈના ભૂતપૂર્વ પોલીસ કમિશનર પરમબીર સિંહ દ્વારા જારી કરાયેલા ટ્રાન્સફરના આદેશમાં ફેરફાર કરવા અથવા રોકવા માટે મુંબઈના ૧૦ ડેપ્યુટી પોલીસ કમિશનર (ડીસીપી) દ્વારા રાજ્યના પરિવહન પ્રધાન અનિલ પરબ અને તત્કાલીન ગૃહ પ્રધાન અનિલ દેશમુખને ૪૦ કરોડ રૂપિયા કથિત રીતે ચૂકવવામાં આવ્યા હતા, એવો દાવો એન્ટિલિયા નજીક વિસ્ફોટક અને થાણેના વેપારી મનસુખ હિરેન હત્યા કેસમાં બરતરફ કરાયેલા પોલીસ અધિકારી સચિન વાઝેએ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ને આપેલા નિવેદનમાં જણાવ્યું હતું.

આ નિવેદન ઈડી દ્વારા તાજેતરમાં કોર્ટમાં રજૂ કરાયેલા આરોપનામાનો એક ભાગ છે. મની લોન્ડરિંગના કેસ સાથે સંકળાયેલા દેશમુખના ભૂતપૂર્વ પર્સનલ સેક્રેટરી સંજીવ પાલાંડે અને પર્સનલ આસિસ્ટન્ટ કુંદન શિંદે વિરુદ્ધ ઈડીએ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી.

જુલાઈ, ૨૦૨૦ના રોજ પરમબીર સિંહે મુંબઈના ૧૦ ડીસીપીનો ટ્રાન્સફર ઑર્ડર બહાર પાડ્યો હતો.

પોતાના નિવેદનમાં વાઝેએ દાવો કર્યો હતો કે તે સમયના ગૃહ પ્રધાન દેશમુખ અને પરબ સિંહના આ ટ્રાન્સફર ઑર્ડરથી ખુશ નહોતા.

જોકે પછીથી મને જાણકારી મળી હતી કે બદલીના આદેશમાં જેમનાં નામ હતાં તે ડીસીપી પાસેથી ૪૦ કરોડ રૂપિયા ભેગા કરવામાં આવ્યા હતા. આમાંથી ૨૦-૨૦ કરોડ રૂપિયા દેશમુખ અને પરબને આપવામાં આવ્યા હતા, એવો દાવો વાઝેએ કર્યો હતો.

પાલાંડે અને શિંદેની ધરપકડ ઉપરાંત મની લોન્ડરિંગના કેસમાં દાખલ આરોપનામામાં વાઝેને પણ

(જુઓ પાનું ૬) ▸▸

# પર્યાવરણમાં થતા ફેરફાર પર ધ્યાન આપનારા મોદી પહેલા મુખ્ય પ્રધાન હતા: અમિત શાહ

## આપણે પર્યાવરણ અને કુદરતી સ્રોતનું રક્ષણ કરવું જરૂરી છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે શુક્રવારે જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદી દેશના પહેલા એવા મુખ્ય પ્રધાન હતા જેમણે પર્યાવરણમાં થનારા ફેરફારની ગંભીર અસરો પિછાણી હતી અને તેના વ્યવસ્થાપન માટે પગલાં લીધા હતા.

નાંદેડના મુદખેડ ખાતે સીઆરપીએફના ટ્રેનિંગ ગ્રાઉન્ડ પર વૃક્ષારોપણ કર્યા બાદ અમિત શાહે ઉપરોક્ત નિવેદન કર્યું હતું. તેમણે દેશની સુરક્ષા એજન્સીને એક કરોડ વૃક્ષો રોપવાનું લક્ષ્ય આપ્યું છે. જ્યારે મોદી ગુજરાતના મુખ્ય પ્રધાન હતા ત્યારે તેમણે પર્યાવરણમાં થનારા ફેરફારની ગંભીર અસરોને સમજી લીધી હતી અને પર્યાવરણની સુરક્ષા માટે યોગ્ય પગલાં લેવામાં આવે તે સુનિશ્ચિત કરવામાં આવ્યું હતું. અનેક મુખ્ય પ્રધાનો રસ્તા બાંધવા પર અથવા શૈક્ષણિક માળખાકીય સુવિધા અને પીવાના પાણીની સુવિધા પર કામ કરતા હોય છે, પરંતુ મોદીએ પર્યાવરણમાં થનારા ફેરફાર પર કામ કર્યું અને વૃક્ષારોપણ માટે કામ કર્યું હતું.

ગ્લોબલ વોર્મિંગ અને પર્યાવરણમાં ફેરફારને શત્રુઓ ગણાવતાં શાહે જણાવ્યું હતું કે આપણે પર્યાવરણ અને કુદરતી સ્રોતોનું રક્ષણ કરવું આવશ્યક છે. તેમણે જણાવ્યું હતું કે સીઆરપીએફે મોદીના જન્મદિવસે એક કરોડ વૃક્ષારોપણનું લક્ષ્ય સાધ્ય કર્યું છે.

અમિત શાહે મરાઠવાડા મુક્તિસંગ્રામ દિન નિમિત્તે દેશના પહેલા ગૃહપ્રધાન સરદાર પટેલ અને મરાઠવાડા મુક્તિ સંગ્રામના શહીદોને અંજલી આપી હતી. ■

# રાણે સામેની છ એફઆઈઆર પર અલગ-અલગ અરજી કરવાનો હાઈ કોર્ટનો નિર્દેશ

મુંબઈ: મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે સામે વિવાદાસ્પદ ટિપ્પણી કરવા માટે રાજ્યના છ પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવેલી એફઆઇઆર રદ કરવાની માગણી સાથે કરાયેલી કેન્દ્રીય પ્રધાન નારાયણ રાણેની અરજી પર મુંબઈ હાઇ કોર્ટે શુક્રવારે તેમને એકના બદલે અલગ અલગ અરજી કરવાનો નિર્દેશ કર્યો હતો.

મહાડ, નાશિક, પુણે, થાણે, જલગાંવ અને અહેમદનગર ખાતે નોંધવામાં આવેલી એફઆઇઆરને રદ કરવાની માગણી તેમણે કરી હતી. હાઇ કોર્ટે શુક્રવારે કહ્યું હતું કે દરેક એફઆઇઆર માટે અલગ અલગ અરજી કરવામાં આવે તો વધુ સારું રહેશે.

'બધી એફઆઇઆર વિવિધ પોલીસ સ્ટેશનમાં છે. તેથી દરેક એફઆઇઆરને અલગ અલગ અરજીથી પડકારવી જોઇએ ત્યારે દરેક પોલીસ સ્ટેશનના નિર્દેશનો પ્રમાણે કામ ચલાવવામાં સહેલુ પડશે', એમ હાઇ કોર્ટે જણાવ્યું હતું. રાણેના વકીલે કોર્ટની સલાહનો સ્વીકાર કરતા દરેક કેસમાં રાણે સામેની કાર્યવાહીમાં તેમને સંરક્ષણ આપવાની માગણી કરી હતી. ■

# અનિલ દેશમુખના ભૂતપૂર્વ પર્સનલ સેક્રેટરીને ધરપકડ કરાયાના ત્રણ મહિના બાદ સસ્પેન્ડ કરાયા

મુંબઈ: મહારાષ્ટ્રના ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અનિલ દેશમુખના પર્સનલ સેક્રેટરી અને એડિશનલ કલેક્ટર રેન્કના અધિકારી સંજીવ પલાન્ડેની ધરપકડના અંદાજે ત્રણ મહિના બાદ મહારાષ્ટ્ર સરકારે તેમને સસ્પેન્ડ કર્યા હતા.

ચાલુ વર્ષે ૨૬મી જૂને પલાન્ડેની ધરપકડ કરવામાં આવી હતી અને તેની સામે પ્રીવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ)ની જોગવાઇઓ હેઠળ તપાસ થઇ રહી છે. ૧૬મી સપ્ટેમ્બરના બહાર પાડવામાં આવેલા સરકારી આદેશમાં જણાવાયું હતું કે પલાન્ડેની સાતમી જુલાઇએ એન્ફોર્સમેનટ ડિરેક્ટોરેટ (ઇડી)ની કસ્ટડીમાં અને ત્યાર બાદ જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા. તેમણે કસ્ટડીમાં ૪૮ કલાકથી વધુ સમય વિતાવ્યો હતો અને મહારાષ્ટ્ર સિવિલ સર્વિસના નિયમ પ્રમાણે ૨૬મી જૂને તેમની ધરપકડ કરાઇ હતી ત્યારથી તેમને

(જુઓ પાનું ૬) ▸▸

૩/૪* હોટલ, રજવાડી ભોજન
દિવાળી વેકેશન કાશ્મીર સોનમર્ગ, પહેલગામ, શ્રીનગર, ગુલમર્ગ ૨ રાત્રિ, વૈષ્ણોદેવી દિ.૮/૧૧, સપ્ટે, ન્વે. Rs. 24,500/-
સીમલા, ચંદીગઢ, ધરમશાલા મનાલી, ડેલહાઉસી, અમૃતસર દિ.૧૧, ઉ.૨૫ ઓક્ટો/૫ ન્વે. રોયલ હિમાચલ
રાજસ્થાન જોધપુર, જેસલમેર, જયપુર, બીકાનેર, પુષ્કર, અજમેર, રણથંભોર, દિ.૧૧, ઉ.૨૦ જાન્યુ.
પંચમઢી, જબલપુર, કાન્હા ઉજ્જૈન, ઈંદોર, ખજુરાહો દિ.૯/૧૧, ઉ.૫ જાન્યુ./૧૮ ફેબ્રુ મધ્ય પ્રદેશ
આંદામાન ડિસે.-જાન્યુ., દિ.૭ ગંગાસાગર ચંપારણ્ય, પુરી, ઉ.ડિસે.
only by Vibha K Sanghavi
9892542448 9167970448 Since 1987 તન્વી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

પ્રથમ પુણ્યતિથી શ્રદ્ધાંજલી



મધુકરભાઈ રમણીકલાલ ગાંધી
સ્વર્ગવાસ ૨૦-૦૯-૨૦૨૦
જીવન એવું જીવી ગયા, કે કદી ભુલાય નહીં વિદાય એવી લીધી, કે કદી વિસરાય નહીં.
પ્રેમ એવો આપ્યો સમસ્ત પરિવારને, કે યાદો તમારી અમારા સંસ્મરણે રહી ગઈ.
પત્ની: રેખાબેન ગાંધી
પુત્ર: નિષિત ગાંધી | પુત્રવધુ: કિંજલ નિષિત ગાંધી
પુત્રી: કિંજલ ગોસર | જમાઈ: નિશિતભાઈ રીતેષભાઈ ગોસર
ભાઈ: ભરતભાઈ ગાંધી | ભાભી: ભારતીબેન ગાંધી
બેન: રશ્મિબેન, મધુરીકાબેન | બનેવી: ચીમનલાલ પી. મેહતા, સુધીરભાઈ ડી. દોશી
સાસુ: ઉષાબેન શેઠ | સસરા: અશોકભાઈ ર. શેઠ
પૌત્ર: વંદિત ગાંધી | દોહિત્ર: સ્પર્શ ગોસર
શોકાતુર: ગાંધી, શેઠ, ગોસર, અજમેરા, મેહતા અને દોશી પરિવાર

# ગણેશદર્શન બાદ માતા-પુત્રએ ખાડાને કારણે જીવ ગુમાવ્યા

થાણે: સગાંને ઘેર ગણપતિ બાપ્પાના દર્શન કરી સ્કૂટર પર ઘરે પાછાં ફરી રહેલાં માતા-પુત્રએ ભિવંડીમાં ખાડાવાળા રસ્તાને કારણે જીવ ગુમાવ્યા હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના ગુરુવારે બપોરે મુંબઈ-નાશિક હાઈવે પર ભિવંડી નજીક માનકોલી જંક્શન ખાતે બની હતી. અકસ્માતમાં મૃત્યુ પામેલાઓની ઓળખ દેવિકાબાઈ બલરામ કાકડે (૪૮) અને તેના પુત્ર નીતિન (૨૬) તરીકે થઈ હતી.

નજીકના પૂર્ણા વિલેજમાં રહેતી

(જુઓ પાનું ૬) ▸▸

# વેપારીની ઓફિસમાં ગેરકાયદે રેઈડ પાડીને રૂ. ૧૧ લાખ પડાવ્યા: બે સેલ્સ ટેક્સ ઈન્સ્પેક્ટર સહિત ચાર પકડાયા

મુંબઈ: મુંબઈમાં અનેક સ્થળે મિલકત ધરાવતા વેપારીની કાલબાદેવી વિસ્તારમાં આવેલી ઓફિસમાં ગેરકાયદે રેઇડ પાડીને રૂ. ૧૧ લાખ પડાવવાના આરોપસર બે સેલ્સ ટેક્સ અને એક ઇન્કમ ટેક્સ ઓફિસર સહિત ચાર જણની એલ. ટી. માર્ગ પોલીસે ધરપકડ કરી હતી. સ્ટેટ જીએસટી ઓફિસને જાણ કર્યા વિના આ રેઇડ પાડવામાં આવી હતી. એલ. ટી. માર્ગ પોલીસે ધરપકડ કરેલા ચાર જણની ઓળખ હિતેશ વસઇકર (૪૨), મચ્છીન્દ્ર કંગને (૩૪), પ્રકાશ શેગાર (૫૫) અને સંતોષ જગદાળે (૩૮) તરીકે થઇ હતી. હિતેશ વસઇકર ઇન્કમ ટેક્સ ઇન્સ્પેક્ટર, જ્યારે કંગને અને શેગાર સેલ્સ ટેક્સ ઇન્સ્પેક્ટર છે.

કાલબાદેવીમાં ઓફિસ ધરાવતા જોઇતકુમાર જૈનની મુંબઈમાં અનેક સ્થળે બિલ્ડિંગો છે અને તેમાંની રૂમો તેમણે લોકોને ભાડે આપી છે. જૈનની ઓફિસમાં ૧૪ જૂન, ૨૦૨૧ના રોજ ત્રણ કર્મચારી હાજર હતા ત્યારે ચાર જણ અંદર પ્રવેશ્યા હતા અને તેમણે પોતાની ઓળખ જીએસટી ઓફિસર તરીકે આપીને તપાસ આદરી હતી. તેમના કહેવા અનુસાર કર્મચારીઓએ ૩૦ લાખની રોકડ, હિસાબનાં પુસ્તકો તેમની સામે રજૂ કર્યા. બાદમાં ચારેય જણે

(જુઓ પાનું ૬) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
Tel. 022-48932230/ 8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" newspaper (Periodicity-Daily) Printed and Published at their press "Mumbai Samachar" by Meherwanji Rustomji Cama at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708. on behalf of the owners The Bombay Samachar Pvt. Ltd. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલ: samachar.bombay@gmail.com ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.